# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-05-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- ગુજરાત **ATS** એ આજે અમદાવાદના વિમાનીમથકેથી આતંકવાદી સંગઠન ઇસ્લામીક સ્ટેટ IS ના ચાર આતંકવાદીઓની ધરપકડ કરી.
- લોકસભાની ચૂંટણીના પાંચમાં તબક્કાનું મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું - પાંચ વાગ્યા સુધીમાં અંદાજે 56.68 ટકા મતદાન નોંધાયું
- ચૂંટણી પંચ દ્વારા રાજ્યની લોકસભાની 25 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની મતગણતરી માટેની તૈયારીઓ શરૂ.
- ચોમાસા દરમિયાન સંભવિત કુદરતી આપત્તિ સામે રાજ્યનું વહીવટી તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ – મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને યોજાઇ બેઠક
- રાજ્યના અનેક જિલ્લાઓમાં ગરમીનો પારો 45 ડિગ્રીને પાર - આગામી ત્રણ દિવસ સુધી ગરમી યથાવત્ રહેવાની આગાહી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ATS - Terrorist

ગુજરાત ATS એ આજે અમદાવાદના વિમાનીમથકેથી આતંકવાદી સંગઠન ઇસ્લામીક સ્ટેટ IS ના ચાર આતંકવાદીઓની ધરપકડ કરી છે. મૂળ શ્રીલંકાના રહેવાસી આતંકવાદીઓ અમદાવાદ વિમાનીમથકે આવવાના હોવાની મળેલી બાતમીના આધારે ઝડપી પાડવામાં આવ્યા હતાં.

અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધતાં ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ વિકાસ સહાયે કહ્યું હતું કે આ ચારેય આતંકવાદીઓ આતંકવાદી સંગઠન IS સાથે ઘણા સમયથી સક્રિય હતા.

(બાઇટ- વિકાસ સહાય, ડીજીપી)

પકડાયેલા ચારેય આતંકવાદીઓ હિન્દી અને અંગ્રેજી ભાષા સમજતા ન હોવાથી તમિલ ભાષાના જાણકાર દ્વારા તેમની પુછપરછ કરવામાં આવી છે. પકડાયેલા આતંકવાદીઓમાં મોહમ્મદ નુસરથ, મોહમ્મદ નફરાન, મોહમ્મદ રસદીન અને મોહમ્મદ ફારિસનો સમાવેશ થાય છે. તમામની ગુજરાત ATS એ વધુ તપાસ હાથ ધરી છે.

------------

# 5th Phase voting

લોકસભાની ચૂંટણીના પાંચમાં તબક્કાનું મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું છે. સાંજે પાંચ વાગ્યા સુધીમાં અંદાજે 56.68 ટકા મતદાન નોંધાયું હોવાના પ્રાથમિક અહેવાલ મળ્યા છે.

સૌથી વધુ 73 ટકા પશ્ચિમ બંગાળમાં તો સૌથી ઓછું 48.66 ટકા મતદાન મહારાષ્ટ્રમાં નોંધાયું હતું. જ્યારે લદ્દાખમાં 67.15, ઝારખંડમાં 61.90, ઓડિશામાં 60.55, ઉત્તરપ્રદેશમાં 55.80, જમ્મુ-કાશ્મીરમાં 54.21 ટકા, બિહારમાં 52.35 ટકા મતદાન નોંધાયું હતું.

આઠ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 49 લોકસભાની બેઠકો પર આજે સવારે સાત વાગ્યાથી શાંતિપૂર્ણ માહોલમાં મતદાનનો આરંભ થયો હતો. સાંજે 6 વાગ્યે મતદાન પૂર્ણ થયું હતું. લોકસભાની બેઠકોની સાથે સાથે 35 વિધાનસભા બેઠકો માટે પણ મતદાન પૂર્ણ થયું હતું.

---------

## AHMEDABAD - COUNTING PREPARATION

રાજ્યની લોકસભાની 25 અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકોની ચૂંટણીનું પરિણામ ચોથી જૂને જાહેર થશે. ચૂંટણી પંચે મતગણતરી કેન્દ્રો પરની તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે. અમદાવાદની એલ.ડી. એન્જિનિયરીંગ અને ગુજરાત કોલેજમાં મતગણતરી થશે. મતગણતરી કેન્દ્રો પર પોલીસ બંદોબસ્ત માટેના ડોમ અને કન્ટ્રોલરૂમની તૈયારી શરૂ કરાઇ છે. મીડીયા રૂમ, કન્ટ્રોલ રૂમ, ઉમેદવારોના રૂમમાં LED અને CCTV સહિતની વ્યવસ્થાની તૈયારીઓ કરાઇ રહી છે. બીજી તરફ મતગણતરી કેન્દ્રમાં બેરીકટ લગાવી રસ્તો તૈયાર કરવામાં આવી રહ્યો છે.

અમદાવાદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવીણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ચૂંટણી કામગીરી કરનારા કર્મચારીઓ અધિકારીઓના તાલીમ વર્ગોનું  આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ વર્ગો વિશે માહિતી આપતા ડેપ્યુટી કલેક્ટર રિદ્ધિ શુક્લએ જણાવ્યું હતું કે અમદાવાદ જિલ્લામાં આવેલી વિધાનસભા મતવિસ્તારોમાં યોજાયેલા તાલીમ વર્ગોમાં કુલ પાંચ હજાર 432 મતદાન મથકોના 26 હજાર 626 કર્મીઓને ચૂંટણી કામગીરી માટે માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું હતું. આ તાલીમ વર્ગોમાં માસ્ટર ટ્રેનરની ટીમ દ્વારા મતદાન અગાઉની, મતદાન દિવસની અને મતદાન પછીની,  ઇવીએમ, વીવીપીએટી, પોસ્ટલ બેલેટ, સહિતની તબક્કાવાર કામગીરી અંગે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી.

.................................

## GNR MONSOON BETHAK

રાજ્યના મુખ્ય સચિવ રાજકુમારે ચોમાસા દરમિયાન કોઈ પ્રકારની જાનહાનિ ન થાય તે માટે તૈયાર રહેવા વહીવટી તંત્રને જરૂરી સૂચન આપ્યા છે. ગાંધીનગર ખાતે શ્રી કુમારની અધ્યક્ષતામાં “પ્રિ મોનસુન પ્રિપેર્ડનેસ” સમીક્ષા બેઠક યોજાઈ હતી. ચોમાસા દરમિયાન સંભવિત કુદરતી આપત્તિ સામે રાજ્યનું વહીવટી તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ છે.

આ બેઠકમાં સંબંધિત વિભાગ તેમ જ કેન્દ્રિય સુરક્ષા દળે ચોમાસાની તૈયારી સંદર્ભે પ્રેઝન્ટેશન પણ રજૂ કર્યા હતા. આ સાથે રાજ્યમાં NDRFની

15 તેમ જ SDRFની 11 કંપની તૈયાર છે. રાજ્યમાં ચોમાસાની તૈયારી સંદર્ભે વિવિધ સ્થળે મોકડ્રીલ તેમ જ આપદા મિત્રોને તાલીમ આપવામાં આવશે. હવામાન ખાતા દ્વારા આગામી સમયમાં દર સપ્તાહે વરસાદ વિશે જરૂરી વિગતો આપવામાં આવશે.

આ બેઠકમાં વિવિધ વિભાગોના ઉચ્ચ સનદી અધિકારીઓ, માહિતી, ઇસરો, સેનાની ત્રણેય પાંખના અધિકારીઓ, BSF, કોસ્ટ ગાર્ડ, NDRF, દૂરદર્શન, ઓલ ઈન્ડિયા રેડિયો, ભારતીય રેલવે તથા વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## GUJARAT WEATHER

રાજ્યના અનેક જિલ્લાઓમાં ગરમીનો પારો 45 ડિગ્રી સેલ્સિયસને આંબી ગયો છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી આવી જ ગરમી યથાવત્ રહેવાની આગાહી કરી છે. સાથે જ 2 દિવસ સુધી કામ ન હોય તેવી સ્થિતિમાં ઘરની બહાર ન નીકળવાની સલાહ આપી છે.

છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં મહત્તમ તાપમાન અમરેલી, ભાવનગર, અમદાવાદ અને ડીસામાં 45 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે રાજકોટ, ગાંધીનગર, વડોદરા, કંડલા અને વલ્લભ વિદ્યાનગરમાં 44 ડિગ્રી સેલ્સિયસ, ભુજ, મહુવા અને કેશોદમાં 43, સુરતમાં 42, વલસાડમાં 41, પોરબંદરમાં 39, નલિયામાં 38, ઓખા અને દિવમાં 36, વેરાવળમાં 33 અને દેવભૂમિ દ્વારકામાં 32 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

અમદાવાદ હવામાન વિભાગ કેન્દ્રના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે વધુ માહિતી આપી....

(બાઇટ- રામાશ્રય યાદવ, હવામાન વિભાગ)

------

# GHUDKHAR VASTI GANATARI

રાજ્યનું વનવિભાગ આવતીકાલથી ઘુડખરની વસ્તી ગણતરીનો પ્રારંભ કરશે. વર્ષ 2020માં રાજ્યમાં ઘુડખરની સંખ્યા 6 હજાર 82 નોંધાઈ હતી. હાલમાં ઘુડખર સુરેન્દ્રનગર, મોરબી, કચ્છ, અમદાવાદ જિલ્લા, પાટણ અને બનાસકાંઠામાં છે. આકાશવાણી ભુજ સાથે વાત કરતા ઘુડખર

અભયારણ્ય ધ્રાંગધ્રાના નાયબ વન સંરક્ષક ધવલ ગઢવીએ આ રીતે માહિતી આપી.

**(બાઈટ - ધવલ ગઢવી, ઘુડખર અભયારણ્ય નાયબ વન સંરક્ષક, ધ્રાંગધ્રા)**

------------

# DAMAN Tourists

કેન્દ્રશાસિત પ્રદેશ દમણના દરિયાકિનારે મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડ્યા છે. કાળઝાળ ગરમી અને ઉનાળા વેકેશનને કારણે દમણના જામપોર દરિયા કિનારે ગુજરાત, મહારાષ્ટ્ર સહિતના સહેલાણીઓ જોવા મળી રહ્યાં છે. બીચ પર અનેક રાઇડ્સની સુવિધા પણ સહેલાણીઓ માટે ઉભી કરવામાં આવી છે. આવા જ એક સહેલાણીઓ પોતાનો પ્રતિભાવ આ રીતે આપ્યો.

.....................................